મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૪૪ ટકા
ગાંધીનગર તાપમાન

# સે-૨૬ કિસાનનગરમાં ધોળા દિવસે ઘરના તાળા તુટ્યા

## તસ્કરોએ ધોળા દિવસે બે મકાનને ટાર્ગેટ કર્યા : કિસાનનગરમાંથી ૮૦ હજારની અને વાવોલમાંથી ૭૫ હજારની ચોરી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં રહેણાંક વિસ્તારમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. તસ્કરોએ રાત્રીના અંધારાની જગ્યાએ ધોળા દિવસે બે મકાનને ટાર્ગેટ કર્યા છે. સેક-૨૬ કિસાનનગર અને વાવોલની સોસાયટીમાં થયેલી ચોરીમાં એક સરખી જ મોડસ ઓપરેન્ડી બહાર આવી છે. જેમાં પરિવારના સભ્યો સવારે નીકળીને સાંજે ઘરે પરત ફરે ત્યાં સુધીમાં તો તસ્કરો હાથફેરો કરીને ફરાર થઈગયા છે. સેકટર-૨૬ કિસાન નગરમાં રૂ.૮૦ હજારની તો વાવોલમાં રૂ.૭૫ હજારના મત્તાની ચોરી થવા પામી છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૬ કિસાનનગર ખાતે પ્લોટ નં. ૬૫૨-૧ ખાતે વસવાટ કરતા દક્ષેશભાઈ રસિકભાઈ ત્રિવેદી વસવાટ કરે છે અને એલઆઈસી એજન્ટ તરીકે કામ કરે છે.મંગળવારના રોજ તેઓ બપોરના ૩ કલાકના અરસામાં ઘર બંધ કરીને પોતાના કામ અર્થે બહાર નીકળ્યા હતા અને મોડી સાંજે પરત ફર્યા હતા.ત્યારે દક્ષેશભાઈએ જોયું તો ઘરનો દરવાજો ખુલ્લો હતો અને બેડરૂમમાં આવેલી તિજોરી અને કબાટ પણ ખુલ્લા હતા અને સામાન વેર-વિખેર હાલતમાં પડયો હતો. તિજોરીમાંથી ચાંદીના સિક્કા અને રોકડ મળી અંદાજે રૂ.૮૦ હજારની મત્તાની ચોરી થવા પામી છે. દક્ષેશભાઈએ નજીકમાં તપાસ કરતા ચોરી થઈ તે અરસામાં તેમના ઘરની નજીક એક આઈ-૨૦ કાર રાજસ્થાન પાર્સિંગની પડી હતી. જેથી કારમાં આવેલા શખ્સોએ ઘરમાં ચોરી કરી હોવાની શંકા પ્રબળ બની છે. જયારે મળતી માહિતી પ્રમાણે પોલીસે આસપાસના સીસીટીવી ફુટેજ ચેક કરતા કાર રાંધેજા તરફ જતી દેખાઈ રહી છે. તો બીજીતરફ સ્થાનિક વસાહતીઓ પાસેથી વિગત મુજબ કિશાનનગરમાં આવેલા ઘર નં. ૭૩૫-૧ ખાતે મંગળવારના રોજ બે ઈસમો બપારે ૩.૩૦ કલાકના અરસામાં તાળુ તોડ્યું હતું. તાળા તુટવાનો અવાજ આવતા અંદર રહેલી ૧૩ વર્ષની બાળકી બંસરી પ્રબોધભાઈ ચાવડા એ કોણ છો. શું કામ છે. સહિતના પ્રશ્નો પુછતા શખ્સોએ ઈન્કમટેક્ષ ઓફિસર છીએ તપાસમાં આવ્યા છીએ તેમ કહ્યું હતું. જેને પગલે બાળકીએ અંદરથી દરવાજો બંધ કરીને ઉભા રહો પપ્પાને કોલ કરીને બોલાવું છું, કહેતા તે શખ્સો ભાગી ગયા હતા. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તસ્કરોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

જયારે બીજા બનાવમાં સે-૭ પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરને અડીને આવેલા ન્યું વાવોલમાં શિવેષ ફલેટ નં. કે. ૩૦૨ ખાતે મુર્ગેશ લક્ષ્મણભાઈ મહેરીયા (ઉં.વ.-૩૨) પોતાના બે ભાઈ તેમજ માતા સાથે રહે છે. મંગળવારના રોજ ગુરૂપૂર્ણિમા હોવાથી મુર્ગેશના માતા અને મોટાભાઈ અલુવા ગામે મામાના ઘરે દર્શન માટે ગયા હતા. તો બીજીતરફ મુર્ગેશ અને તેનો નાનોભાઈ સવારે ૧૦ વાગે તાળુ મારી નોકરી ગયા હતા. સાંજના સુમારે મુર્ગેશ ઘરે પરત ફર્યો ત્યારે દરવાજાનો નકુચો સ્ક્રુ સાથે કાઢી નાખ્યો હતોઅને દરવાજો ખુલ્લો હતો. અંદર જઈને તપાસ કરતા તિજોરી અને ડ્રોઅર બંન્ને લોક પણ તુટેલા હતા. ઘરની અંદર રહેલો સામાન વેર વિખેર કરીને અંદરથી સોના ચાંદીના દાગીના અને રૂ. ૧૦ હજાર રૂપીયા રોકડા મળી કુલ રૂ.૭૫ હજારની મત્તાની ચોરી થઈ હતી. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### એસ.વી. સ્કૂલમાં ગુરૂપૂર્ણિમાની 'ફલાવર ડે' દ્વારા ઉજવણી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં ફલાવર ડે દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. શાળા પરિવાર અને બાળકોએ સાથે મળીને પૂર્વ ચેરમેનશ્રી પૂજ્ય વડીલ માણેકલાલ એમ.પટેલ સાહેબના ફોટાને કુમકુમ તિલક કરી, ફૂલો અર્પણ કરી તેમના આશીર્વાદ લીધા હતા. ફલાવર ડે નિમિત્તે બાળકો પોતાની સાથે જાતજાતના ફૂલો અને ફૂલોના ગુલદસ્તા લાવ્યા હતા, જે તેમણે પોતાની શિક્ષિકાઓને અર્પણ કર્યા હતા. શિક્ષિકાઓએ બાળકોને ગુરૂપૂર્ણિમાનું મહત્વ સમજાવી વિદ્યા, બુદ્ધિ, તંદુરસ્તી અને સ્વસ્થ જીવનના આશિષ આપ્યા હતા.

## વિશ્વ આદીવાસી દિવસે રજા જાહેર કરવા સામાજીક જાગૃતિ મિશન દ્વારા મુખ્યમંત્રીને રજુઆત

ગાંધીનગર, તા. ૧૭

યુનો દ્વારા તા. ૯ ઓગસ્ટને વિશ્વ આદિવાસી દિવસ ઘોષિત કરવામાં આવ્યો છે. ત્યારે સમગ્ર વિશ્વના વિવિધ દેશોમાં આ દિવસની ભારે ધામધુમથી ઉજવણી કરવામાં આવે છે. ત્યારે ગુજરાત રાજયમાં પણ એક કરોડ વીસ લાખ જેટલી આદિવાસી સમુદાયની વસ્તી છે. તેમ છતા વર્ષ૨૦૧૯-૨૦૨૦ના જાહેર રજાઓની સુચીમાં સરકાર દ્વારા તા. ૯ ઓગસ્ટન વિશ્વ આદિવાસી દિવસની રજા જાહેર કરવામાં આવી નથી. ત્યારે સમગ્ર રાજયમાં તા.૯ ઓગસ્ટ વિશ્વ આદીવાસી દિવસની જાહેર રજા સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવી લેખિત રજુઆત સામાજીક જાગૃતિ મિશન દ્વારા રાજયના મુખ્યમંત્રીને કરવામાં આવી છે. જયારે રાજય સરકાર તરફથી જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ સરકારી કાર્યક્રમ તરીકે ધામધુમથી ઉજવણી કરવામાં આવે તેવી આદિવાસી સમાજની લાગણી અને માંગણી છે.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગમાં ૧૭-૭-૨૦૧૯ના રોજ 'ઓરેન્જ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી અને ઓરેન્જ રંગની અલગ અલગ વસ્તુઓ વિશે માહિતી આપવામાં આવી હતી.

### @ગાંધીનગર

● આજે સાંજે ૫ થી ૫.૩૦ દરમિયાન સે-૨૧ ગોવર્ધનનાથજીની હવેલી ખાતે સુરંગના હિંડોળાના દર્શન થશે.

## ઈચ્છુક બહેનો દ્વારા સૈનિક ભાઈઓને રાખડી મોકલી શકાશે

ગાંધીનગર, તા.૧૭

વીર સેનિકોના રક્ષણ માટે રક્ષાબંધન નિમિત્તે રાખડી પહોંચાડવાનો કાર્યક્રમ શહેરના કરૂણાબેન દિવાકર ચૌકેકર દ્વારા શરુ કરવામાં આવ્યો છે. વડોદરાના સંજય બચ્છાવજીની પ્રેરણાથી શરુ કરવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત એક બહેન એક જ રાખડી મોકલી શકશે. રાખડી સાથે જો ઈચ્છા હોય તો નામ અને મોબાઈલ નંબર લખવો, રાખડીઓ ૨૭ જુલાઈ સુધી જમા કરાવવી જેથી ૨૮ જુલાઈના રોજ જમા થયેલી રાખડીની પૂજા કરી શકાય. ૨૯ જુલાઈના રોજ જમા થયેલ બધી જ રાખડીઓ પોસ્ટ મારફતે સરહદ પર મોકલવામાં આવશે તેમ કરૂણાબેન દ્વારા જણાવાયું છે આથી વધુમાં વધુ સહભાગી થઈ મદદરૂપ થવા તથા મો. ૯૯૯૮૪૭૩૨૮૧ પર સંપર્ક કરવા જણાવાયું છે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સર્વ નેતૃત્વ ગૃપના યુવાનો દ્વારા ગુરૂપૂર્ણિમાના પવિત્ર પર્વની ઉજવણી સેકટર-૧૫ના ગ્રામ્ય વિસ્તાર ફતેપુરાની પ્રાથમિક શાળાના બાળકો સાથે કરવામાં આવી હતી. જેમાં તેમણે બાળકો સાથે જીવન ઘડતરની વાતો કરવા ઉપરાંત વૃક્ષારોપણ કર્યું હતું તેમજ બાળકોને ગુરૂપૂર્ણિમાનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમમાં બાળકો સાથે યુવાનો ગરબા પણ રમ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય મંજુલાબેન, સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત, પ્રાધ્યાપક ઉમેશ કોલ્હે તથા શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

### સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૭

સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે હિંડોળા મહોત્સવની શરૂઆત થઈ ગઈ છે. અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ હિંડોળા દર્શન દરરોજ સાંજે પથી ૮.૧૫ કલાક દરમિયાન થશે. સર્વે ભકતોને દર્શનનો લાભ લેવા જણાવાયું છે.

પૂજય ભારતીબાપુના જન્મ દિન નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સેકટર-૧૨ ગાંધીનગર ખાતે સુંદરકાંડના પાઠનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુંદરધામ ગાંધીનગરથી હરિદ્વાર યાત્રામાં જોડાયેલ હરિભકતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સમૂહલગ્ન યોજાશે

ગાંધીનગર, તા.૧૭

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા તા. ૨૪ નવેમ્બરના રોજ ગાંધીનગર ખાતે ચતુર્થ સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ અંતર્ગત મહેંદી રસમ, મ્યુઝિકલ પાર્ટી સાથે રાસ ગરબા અને સંગીત સંધ્યા પણ યોજાશે.

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા ચતુર્થ સમુહ લગ્ન નવેમ્બર માસમાં યોજાશે. જેમાં ૨૨ નવેમ્બરના રોજ ભવ્ય મહેંદી રસમ અને તા. ૨૩ નવેમ્બરના રોજ રાતના ૮ કલાકે મ્યુઝિકલ પાર્ટી સાથે રાસ ગરબા અને સંગીત સંધ્યાનો કાર્યક્રમ તથા તા. ૨૪ નવેમ્બરના રોજ સાંજે બેન્ડવાજા આતશબાજી સાથે ધામધુમથી વરઘોડો કાઢવામાં આવશે ત્યારબાદ સાંજે સમુહલગ્ન વિધિ યોજાશે.

સમુહલગ્ન કાર્યક્રમમાં ફકત સમસ્ત બ્રહ્મસમાજના જે કઈ કુટુંબમાંથી પોતાના બાળકોની સમુહમાં લગ્ન કરાવવાની ઈચ્છા હોય તેમણે સે-૧૬ સોમનાથ મહાદેવ મંદિર, બ્રહ્મભવન ખાતે સંપર્ક કરી ફોર્મ ભરી તા. ૨૪ ઓકટોબર સુધીમાં પરત કરવા અને વધુમાં વધુ ૨૧ લગ્ન કરવાનું આયોજન કરેલું હોવાથી વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવવા સમાજના પ્રમુખ પિનાકીન રાવલ અને મહામંત્રી નરેશ દવે દ્વારા જણાવાયું છે.

### ભાવસાર સમાજ દ્વારા વિદ્યાર્થી પારિતોષિક અપાશે

ગાંધીનગર, તા.૧૭

ભાવસાર સમાજ ગાંધીનગર દ્વારા જુ. કેજીથી ધો-૧૧ સિવાય દરેક ધોરણના તેજસ્વી ભાઈ બહેનોને પારિતોષિક આપવામાં આવશે. જે સંદર્ભે તા. ૧૦ ઓગષ્ટ સુધીમાં માર્કશીટ પર નામ, સરનામું અને ફોન નં. લખીને મંડળના હોદ્દેદારોને પહોંચાડી આપવા સંસ્થાના પ્રમુખ મહેન્દ્રભાઈ પોપટલાલ ભાવસાર દ્વારા જણાવાયું છે.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેકટર-૨૮, ગાંધીનગર ખાતે સેવા કેન્દ્ર સંચાલિકા રાજયોગીની કૈલાશ દીદીજી દ્વારા ચેતક કમાન્ડો માટે આધ્યાત્મિક રિફ્રેશર કોર્ષનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં તેમના વર્તમાન પ્રશ્નોનું આધ્યાત્મિક નિરાકરણ પર ભાર મૂકવામાં આવી રહેલ છે. આ કોર્ષ સાત દિવસ ચાલશે. દ્વિતીય દિવસના અંતે આદરણીય કૈલાશ દીદીજી એ સૌને સદગુરુ શિવબાબાના આશીર્વાદ અને પ્રસાદ અર્પણ કરી શકિત પ્રપાત કરેલ. પ્રથમ દિવસના ફેકલ્ટી ચિલોડા સેવાકેન્દ્ર સંચાલિકા બી કે તારાબેન અને દ્વિતીય દિવસના ફેકલ્ટી સેક્ટર-૩૦ સેવાકેન્દ્ર સંચાલિકા બી કે કૃપાલબેન દ્વારા આપવામાં આવેલ કોર્ષ થી ૫૦ જેટલા ચેતક કમાન્ડો લાભાંવીત થઈ રહેલ છે.

સ્વત્વ યોગા સ્ટુડિયો એન્ડ મેડિટેશન સેન્ટરના માસ્ટર કોચ કુ. આનલ રાવલ દ્વારા ગુરૂપૂર્ણિમાના દિવસે જાહેર જનતા માટે નિઃશુલ્ક ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું તથા યોગાભ્યાસની નિઃશુલ્ક પુસ્તિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના પ્રો. ડૉ. એસ.ઓ. જુનરિ તથા એન.આઈ.સી.એમ.ના પ્રિન્સિપાલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા સાથે મોટી સંખ્યામાં શહેરીજનોએ હાજરી આપી હતી.

### અખિલ ભારતીય અનુસૂચિત જાતિ અને જનજાતિ માનવ વિકાસ પરિષદની વાર્ષિક સાધારણ સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૭

અખિલ ભારતીય અનુસૂચિત જાતિ અને જનજાતિ માનવ વિકાસ પરિષદની સને ૨૦૧૮-૧૯ની ચૌદમા વર્ષની વાર્ષિક સાધારણ સભા તા. ૨૧ જુલાઈના રોજ બપોરે ૩.૩૦ કલાકે પ્લોટ નં. ૧૭૫૭/૨, સે-૨-ડી ખાતે યોજાશે. સભામાં દરેક સભ્યોને હાજર રહેવા સંસ્થાના પ્રમુખ કનુભાઈ એમ. પરમાર દ્વારા જણાવાયું છે.

# ચીન ખાતે રમાયેલી મુકબધિર બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં ભારતને ચાર મેડલ્સ

## ભારતીય ટીમના ચીફ કોચ તરીકે સાઈના બેડમિન્ટન કોચ દિનેશ બડમલિયાએ સેવા આપી હતી : ભારતે એક ગોલ્ડ અને ત્રણ સિલ્વર મેડલ્સ જીત્યા

ગાંધીનગર, તા.૧૭

તાજેતરમાં ચીનના તાઈપેઈ ખાતે દ્વિતિય વર્લ્ડ યુથ ડેફ બેડમિન્ટન ચેમ્પિયનશીપ યોજાઈ હતી. જેમાં ભારતના મૂક બધિર દિવ્યાંગ ખેલાડીઓએ યશસ્વી પ્રદર્શન કરતા એક ગોલ્ડ અને ત્રણ સિલ્વર મળીને ચાર ચંદ્રકો હાંસલ કર્યા હતા. ભારતની તામિલનાડુની જયરાત ચગન જેર્લિને સિંગલ્સમાં ગોલ્ડ હાંસલ કર્યો થે. ભારતીય મુકબધિર દિવ્યાંગ બેડમિન્ટન ટીમના ચીફ કોચ તરીકે ગાંધીનગર સ્પોર્ટસ ઓથોરિટી ખાતે સેવા આપતા બેડમિન્ટન કોચ દિનેશ બડમલિયાએ ફરજ બજાવી હતી.

ગાંધીનગર ખાતેનું સાઈ ટ્રેનિંગ સેન્ટર દિવ્યાંગ ખેલાડીઓ માટે આશીર્વાદરૂપ બની રહ્યું છે તે અનુલક્ષીને વડાપ્રધાન તથા કેન્દ્રિય ખેલ મંત્રી દ્વારા અહીં દિવ્યાંગ ખેલાડીઓ માટે હાઈપરફોર્મન્સ ટ્રેનિંગ સેન્ટર વિકસાવવાનો નિર્ધાર પણ જાહેર કરવામાં આવ્યો છે.

તાજેતરમાં ચીનમાં તાઈપેઈ ખાતે દ્વિતિય યુવા મુકબધિર

બેડમિન્ટન ચેમ્પિયનશીપ યોજાઈ હતી જેની ટીમ માટે ગાંધીનગર સાઈ ખાતે સિલેકશન કેમ્પ યોજાયો હતો. ભારતીય ટીમની પસંદગી બાદ આ ટીમની કોચીંગની જવાબદારી સાઈના બેડમિન્ટન કોચ દિનેશ બડમલિયાને સોંપવામાં આવી હતી. ભારતની ટીમે આંતરરાષ્ટ્રીય કક્ષાની આ ટૂર્નામેન્ટમાં ચીફ કોચ દિનેશ બડમલિયાના માર્ગદર્શન હેઠળ યશસ્વી પ્રદર્શન કરતા એક ગોલ્ડ અને ત્રણ સિલ્વર સહિત કુલ ચાર ચંદ્રકો જીતી લીધા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધામાં વિશ્વભરમાંથી કુલ ૨૪ ટીમોએ ભાગ લીધો હતો. ભારતીય ટીમ વતી તામિલનાડુની ખેલાડી જયરાત ચગન જેર્લિને ગર્લ્સ સિંગલ્સમાં પ્રથમ સ્થાને ચેમ્પિયન બની ગોલ્ડ હાંસલ કર્યો હતો. આ ઉપરાંત તેણીએ યુપીની શ્રેયા સિંગલા સાથે મળીને ગર્લ્સ ડબલ્સમાં રનર્સ અપ વિજેતા બની સિલ્વર અને બિહારના દ્વિતિક આનંદ સાથે મળીને મિકસ ડબલમાં પણ રનર્સ અપ વિજેતા બની સિલ્વર મેડલ્સ મેળવ્યા હતા. આ સાથે બૉયઝ ડબલ્સની ટીમમાં દ્વિતિક આનંદ અને યુપીના કુશાગ્ર એ મળીને રનર્સ અપ વિજેતા બનવા સાથે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. આમ ભારતીય ટીમે એક ગોલ્ડ અને ત્રણ સિલ્વર સહિત ચાર મેડલ્સ જીતી લેતા સાઈ ખાતેના અધિકારીઓ-કર્મચારીઓએ દિનેશ બડમલિયાને અભિનંદન પાઠવ્યા હતા.

### ચિરવિદાય

- સ્વ. કોળી પટેલ પોપટભાઈ ચતુરભાઈ, ઉ.વ. ૫૧
- સ્વ. ચાવડા ગણપતજી રજુજી, ઉ.વ. ૪૯
- સ્વ. પટેલ શારદાબેન રણછોડભાઈ, ઉ.વ. ૬૫
- સ્વ. પટેલ કાન્તાબેન બહેચરભાઈ, ઉ.વ. ૭૯
- સ્વ. ગાંધી દેવેન્દ્રભાઈ બાબુલાલ, ઉ.વ. ૭૭